પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૧૭૭ • કુલ પાના : ૪ • તારીખ : ૨૩-૦૩-૨૦૨૨ બુધવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### વડાપ્રધાન મોદીના નિવેદનથી પાર્ટીના જ નેતા ચિંતામાં

## મધ્યપ્રદેશની વિધાનસભા ચુંટણીમાં ભાજપ નેતાઓને પોતાની પેઢી પર ગ્રહણ લાગવાનો ભય

ભોપાલ,

પાંચ રાજયોની વિધાનસભા ચુંટણી પરિણામ બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભાજપ સંસદીય બોર્ડની બેઠકને સંબોધી હતી આ દરમિયાન તેમણે ભાજપ નેતાઓને સંબોધીત કરતા કહ્યું હતું કે જો કોઇના પુત્રની ટિકિટ કપાઇ છે તો તેના માટે વડાપ્રધાન મોદી જ જવાબદાર છે.

વડાપ્રધાન મોદીએ આ નિવેદન ભલે જ પાંચ રાજયોની ચુંટણીના સંદર્ભમાં આપ્યું હોય પરંતુ તેમના આ નિવેદનનો સંદેશ ખુબ દુર સુધી ગયો છે. હકીકતમાં ૨૦૨૩માં મધ્યપ્રદેશ સહિત અનેક અન્ય રાજયોમાં પણ વિધાનસભા ચુંટણી થનાર છે હવે જો વડાપ્રધાન મોદીની પરિવારના સભ્યોને ટિકિટ ન આપવા ફોર્મ્યુલા અહીં પણ લાગુ થાય તો મધ્યપ્રદેસના અનેક નેતાઓની સામે સંકટ ઉભી થઈ જશે

મધ્યપ્રદેશમાં ૨૦૨૩માં યોજાનાર વિધાનસભા ચુંટણીમાં અહીંના અનેક મોટી નેતાઓના



પુત્ર પ્રદેશની રાજનીતિમાં સક્રિય છે. વિલંબથી પણ આ તમામ પોતાના પિતાના પગલે મોટો રાજકીય હોદ્દો મેળવવાની ઈચ્છા ધરાવે છે તે મોટા નેતાઓ હાલ વડાપ્રધાન મોદીના નિવેદનથી ચિંતામાં મુકાઇ ગયા છે.

રાજયના ગૃહમંત્રી નરોત્તમ મિશ્રા હાલ પ્રદેશ જ નહીં દેશભરની રાજનીતિની ચર્ચાના કેન્દ્રમાં બનેલ છે. અવારનવાર પોતાના નિવેદનને કારણે ચર્ચામાં રહે છે. તેમનો પુત્ર સુકર્ણ મિશ્રા પણ પ્રદેશની રાજનીતિમાં મજબુત થવા માટે મહેનત કરી રહ્યો છે. તે ગ્વાલિયર અને ચંબલ વિસ્તારમાં લોકોની વચ્ચે પોતાની પહોંચ વધારી રહ્યો છે.

કોંગ્રેસ છોડી ભાજપમાં સામેલ થનાર જયોતિરાદિત્ય સિંધિયા ખુદ પોતાના પિતાના પગલે રાજનીતિમાં આવ્યા છે. હવે તેમનો પુત્ર મહાઆર્યમાન સિંધિયા પણ આવું જ કરવાની ઈચ્છા ધરાવે છે હાલ તે વિવિધ કાર્યક્રમોમાં સામેલ થઈ રહ્યો છે જો કે ભાજપમાં તેમના પરિવારવાદની સક્રિયતા વધશે કે નહીં તે જોવાનું રસપ્રદ બની રહેશે

આકાશ વિજયવર્ગીય મધ્યપ્રદેશની રાજનીતિમાં પુરી રીતે સક્રિય છે તે ઈન્દોરથી ધારાસભ્ય પણ છે. જો કે તેની સાથે એક સારી વાત એ છે કે તેમના પિતા કૈલાશ વિજયવર્ગીય પ્રદેશની રાજનીતિ છોડી સંગઠનના કામકાજમાં લાગેલ છે આવામાં આવનારા સમયમાં આકાશનો માર્ગ સરળ બની શકે છે.

મુખ્યમંત્રી શિવરાજ ચૌહાણનો પુત્ર કાર્તિકેય સિંહ ચૌહાણ પણ રાજનીતિમાં સક્રિય થવાની ઈચ્છા ધરાવે છે. બે વાર વિધાનસભા ચુંટણી દરમિયાન તેને કેપેનિંગની જવાબદારી પણ સંભાળી હતી આવામાં ભાજપમાં પરિવારના સભ્યને ટિકિટ ન આપવાનો નિર્ણય કડકાઈથી લાગુ થશે તો પછી કાર્તિકેયનો માર્ગ મુશ્કેલ બની શકે છે. આવી જ રીતે નરેન્દ્ર સિંહ તોમર લાંબા સમયથી મધ્યપ્રદેશ ભાજપમાં સક્રિય રહ્યાં બાદ હાલ કેન્દ્રીય કૃષિ મંત્રીની ભૂમિકામાં છે હવે તેમનો પુત્ર પ્રદેશની રાજનીતિમાં પોતાનું મુકામ બનાવવાની ઈચ્છા પણ ધરાવે છે કહેવાય છે કે આગામી વિધાનસભા ચુંટણીમાં તે ટિકિટની દાવેદારી પણ રજુ કરી શકે છે.

### આદિવાસી સમાજનો આક્રોશ

## આગામી ૨૫મી માર્ચ ના રોજ આંદોલનના ભાગરૂપે આદિવાસીઓને ગાંધીનગર કૂચ કરવાની હાકલ

વલસાડ,

દક્ષિણ ગુજરાતમાં સુચિત પાર તાપી નર્મદા રિવર લિંક પ્રોજેક્ટના વિરોધમાં ચાલી રહેલું આંદોલન વેગ પકડી રહ્યું છે. હવે આગામી ૨૫મી માર્ચ ના રોજ આંદોલનના ભાગરૂપે આદિવાસીઓને ગાંધીનગર કૂચ કરવાની પણ હાકલ કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ મુદ્દે સરકાર જ્યાં સુધી શ્વેતપત્ર બહાર નહીં પાડે ત્યાં સુધી આંદોલન યથાવત્ રહેશે તેવો હુંકાર આજે વલસાડના કપરાડામાં યોજાયેલ આંદોલનની આગેવાની લેનાર કોંગ્રેસી ધારાસભ્ય અનંત પટેલે કર્યો છે. વલસાડ જિલ્લાના કપરાડા માં આજે આદિવાસી સંગઠનો અને કોંગ્રેસ દ્વારા ડેમ હટાવો આદિવાસી બચાવોના બેનર હેઠળ વિરોધ રેલી યોજી હતી. સૂચિત પાર તાપી નર્મદા રિવર લિંક પ્રોજેક્ટ ના વિરોધમાં આદિવાસીઓ સરકાર સામે મેદાને પડયા છે .



છેલ્લા કેટલાક સમયથી સમગ્ર દક્ષિણ ગુજરાતમાં કોંગ્રેસી ધારાસભ્ય અનંત પટેલની આગેવાનીમાં આદિવાસી સંગઠનો તાપી થી વાપી સુધી વિરોધી આંદોલન કરી રહ્યા છે. જેના ભાગરૂપે આજે વલસાડના કપરાડા માં વિરોધી રેલી યોજાઈ હતી.આ વિરોધી રેલીમાં આંદોલનની આગેવાની લેનાર અનંત પટેલ , વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા સુખરામ રાઠવા , પૂર્વ કેન્દ્રીય મંત્રી તુષાર ભાઈ ચૌધરી , સંઘ પ્રદેશ દાદરા નગર હવેલી ના શિવસેનાના પ્રદેશ પ્રમુખ અભિનવ ડેલકર અને દાદરાનગર હવેલીના કોંગ્રેસના અગ્રણી પ્રભુ ટોકીયા ,દમણથી યુવા નેતા ઉમેશ પટેલ સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતના આદિવાસીઓ મોટી સંખ્યામાં રેલીમાં જોડાયા હતા.

જોકે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે કપરાડા જાણે પોલીસ છાવણીમાં ફેરવાયું હોય. કપરાડા માં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. જાહેર સભાને સંબોધતા અનંત પટેલ સહિતના નેતાઓએ ડેમના વિરોધમાં અંત સુધી લડી લેવા ની વાત કરી હતી. અત્યાર સુધી આ વિરોધી આંદોલન મુદ્દે તાપી થી વાપી સુધીના સમગ્ર દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં જ થયેલ વિરોધ સભાઓ યોજાઈ હતી. જોકે હવે આગામી ૨૫મી તારીખે આ સૂચિત પ્રોજેક્ટ ના વિરોધમાં આદિવાસીઓ ને ગાંધીનગર કુચ કરવાની આગેવાનોએ હાકલ કરી હતી. મહત્વપૂર્ણ છે કે આ સૂચિત રિવર લિંક પ્રોજેક્ટ ના શરૂ થયેલા વિરોધી આંદોલન બાદ સરકારના મંત્રીઓથી લઈ દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારના ભાજપ ના ધારાસભ્યો પણ આવો કોઈ પણ જાતનો પ્રોજેક્ટ નહીં આવતો હોવાનું જણાવી આદિવાસી સમાજ નો વિશ્વાસ સંપાદીત કરવાના પ્રયાસ કરી કરવામાં આવી રહ્યા છે. જો કે તેમ છતાં વિરોધ આંદોલનની આગેવાની લેનાર અનંત પટેલ સહિતના આગેવાનો કોઈપણ રીતે માનવા તૈયાર નથી. અને દિવસે દિવસે આંદોલન મોટું સ્વરૂપ લઈ રહ્યું છે. આથી આગામી ૨૫ મી તારીખે આંદોલનના મુદ્દે ગાંધીનગરમાં માહોલ ગરમાય તેમ લાગી રહ્યું છે.

## ભારતમાં મોંઘવારીએ સામાન્ય લોકોના ખિસ્સા ખાલી કરી દીધા છે : રણદીપ સુરજેવાલા

નવીદિલ્હી,

ભારતમાં મોંઘવારીએ સામાન્ય લોકોના ખિસ્સા ખાલી કરી દીધા છે. હકીકતમાં મંગળવારથી એટલે કે આજથી દેશમાં પેટ્રોલ અને ડીઝલની કિંમતોની સાથે એલપીજીના ભાવમાં પણ વધારો નોંધાયો હતો. સરકારી માલિકીની ઓઈલ માર્કેટિંગ કંપની ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશને આજે એલપીજીના ભાવમાં રૂ. ૫૦નો વધારો કર્યો છે. તેનાથી જનતાના રસોડાના બજેટમાં વધારો થશે અને લોકોના ખિસ્સા પર મોટી અસર પડશે.

કોંગ્રેસે વધતી મોંઘવારીને લઈને ભાજપ પર નિશાન સાધ્યું છે. કોંગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ અને રાષ્ટ્રીય પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ ગેસના ભાવ વધારાને ધ્યાનમાં રાખીને ટ્વીટ



કરીને કહ્યું કે, ભાજપ મોંઘવારી લાવી. તેણે પોતાના ટ્વિટમાં કહ્યું કે હવે ગેસ સિલિન્ડરમાં ૫૦ રૂપિયાનો વધારો થયો છે. દિલ્હી અને મુંબઈમાં ગેસની કિંમત ૯૪૯.૫૦ છે. જ્યારે લખનૌમાં રૂ.૯૮૭.૫૦. કોલકાતામાં ગેસની કિંમત ૯૭૬ રૂપિયા અને ચેન્નાઈમાં ૯૬૫.૫૦ રૂપિયા છે.

આજે મંગળવારે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લીટર ૮૦ પૈસાનો વધારો કરવામાં આવ્યો હતો, જ્યારે ઘરેલુ રાંધણ ગેસના ભાવમાં પ્રતિ સિલિન્ડર ૫૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. સૂત્રોએ આ માહિતી આપી હતી. આ રીતે, ચૂંટણી પ્રવૃતિઓને કારણે દરોમાં સુધારો કરવા પરનો સાડા ચાર મહિનાનો મોરેટોરિયમ સમાપ્ત થયો. દિલ્હીમાં પેટ્રોલની કિંમત હવે ૯૬.૨૧ રૂપિયા પ્રતિ લીટર થશે જે પહેલા ૯૫.૪૧ રૂપિયા હતી, જ્યારે ડીઝલની કિંમત ૮૬.૬૭ રૂપિયા પ્રતિ લીટરથી વધીને ૮૭.૪૭ રૂપિયા થઈ ગઈ છે. આ સાથે રાષ્ટ્રીય રાજધાનીમાં સબસિડી વગરના ૧૪.૨ કિલોના એલપીજી સિલિન્ડરની કિંમત વધીને ૯૪૯.૫૦ રૂપિયા થઈ ગઈ છે.

એલપીજીના દરમાં છેલ્લે ૬ ઓક્ટોબર ૨૦૨૧ના રોજ સુધારો કરવામાં આવ્યો હતો. પેટ્રોલ અને ડીઝલના ભાવ ૪ નવેમ્બરથી સ્થિર હતા. જુલાઈ અને ઑક્ટોબર ૨૦૨૧ વચ્ચે એલપીજીના ભાવમાં સિલિન્ડર દીઠ ૧૦૦ રૂપિયાનો વધારો થયો હતો. જો કે, કાચા માલના ખર્ચમાં વધારો થવા છતાં એલપીજી અને ઓટો ઈંધણ બંનેના ભાવ ત્યારથી સ્થિર હતા.


એલપીજીની કિંમતમાં આટલો વધારો ઓક્ટોબર ૨૦૨૧ પછી પહેલીવાર થયો છે, જો કે આ સમયગાળા દરમિયાન સબસિડી વગરના ગેસ સિલિન્ડરની કિંમતમાં વધારો થયો છે પરંતુ ઘરેલુ એલપીજી સિલિન્ડરની કિંમતમાં વધારો કરવામાં આવ્યો નથી. છેલ્લી વખત ૬ ઓક્ટોબર ૨૦૨૧ના રોજ ઘરેલુ એલપીજી સિલિન્ડરના ભાવમાં વધારો કરવામાં આવ્યો હતો.

## રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ ૨૪ માર્ચે ગુજરાત આવશે, દ્વારકા અને જામનગર ખાતે કાર્યક્રમમાં ભાગ લેશે

અમદાવાદ,

દેશના રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ ગુજરાતના પ્રવાસે આવવાના છે, તે ૨૪ માર્ચે રાજ્યની મુલાકાતે આવશે એવું સત્તાવાર સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિદ દ્વારકા અને જામનગરના કાર્યક્રમમાં પણ ભાગ લશે, આ ઉપરાંત ગુજરાત વિધાનસભાને પણ સંબોધન કરશે.

સુત્રોના જણાવ્યા અનુસાર રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. ૨૫ માર્ચે આઈએનએસ વાલસુરા નેવી મથકની મુલાકાતે રાષ્ટ્રપતિ આવવાના છે ત્યારે ૨૪ માર્ચના રોજ દ્વારકાધીશના દર્શનનો પણ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. જેના માટે પોલીસ તંત્રને રાષ્ટ્રપતિની સુરક્ષાને



લઈને એલર્ટ કરી દેવામાં આવ્યુ છે.જિલ્લા પોલીસ વડા સ દ્વારકાધીશ મંદિર પહોંચ્યા હતા. રાષ્ટ્રપતિની સુરક્ષા મામલે તૈનાત અધિકારીઓને જરુરી સૂચન પણ આપ્યા હતા. મંદિરમાં રાષ્ટ્રપતિની સુરક્ષા બાબતે પોલિસ વડાએ સમીક્ષા પણ કરી હતી. દેવસ્થાન સમિતિની બેઠકમાં કલેક્ટર અને ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.

## સોનિયા ગાંધી હિમાચલ અને ગુજરાત માટે પહેલેથી જ સક્રિય

નવીદિલ્હી,

પાંચ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીમાં નિરાશાજનક પરિણામો બાદ કોંગ્રેસ સતર્ક થઈ ગઈ છે. કોંગ્રેસના વચગાળાના અધ્યક્ષ સોનિયા ગાંધીએ ગુજરાત અને હિમાચલ પ્રદેશના નેતાઓને દિલ્હી બોલાવ્યા છે. ગુજરાતમાં ૨૦૨૨માં જ વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. આ ઉપરાંત આવતા વર્ષે હિમાચલ પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી પણ યોજાવાની છે. સોનિયા ગાંધીએ હિમાચલના ૧૨ નેતાઓને દિલ્હી બોલાવ્યા છે.

પાર્ટીના વરિષ્ઠ નેતાઓના જણાવ્યા અનુસાર ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ જગદીશ ઠાકુર, સુખરામ રાઠવા, વિપક્ષના નેતા અર્જુલ મોઢવાડિયા અને અન્ય નેતાઓને દિલ્હી બોલાવવામાં આવ્યા છે. તેઓ સોનિયા ગાંધી સાથેની બેઠકમાં હાજરી આપશે.

સોનિયા ગાંધીને ખબર હતી કે ગુજરાતમાં કેટલાક નેતાઓ ભાજપ તરફ વળ્યા છે. હાલમાં જ રાજસ્થાનના મુખ્યમંત્રીના સલાહકાર અને અપક્ષ ધારાસભ્ય સંયમ લોઢાએ એક ટ્વીટ કર્યું હતું જેમાં લખ્યું હતું કે ગુજરાત ભાજપ કોંગ્રેસના ૧૦ ધારાસભ્યોને લલચાવવાનો પ્રયાસ કરી રહી છે.




૨૦૧૭માં ગુજરાતમાં વિધાનસભા ચૂંટણી યોજાઈ હતી અને કોંગ્રેસે ૭૭ સીટો જીતી હતી. જો કે હવે કોંગ્રેસ પાસે માત્ર ૬૫ ધારાસભ્યો છે. ગુજરાત કોંગ્રેસે જણાવ્યું છે કે સોનિયા ગાંધી સાથેની આ મુલાકાત આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવા અને આગામી વિધાનસભા ચૂંટણીની તૈયારીઓ અંગે છે.

સુત્રોના જણાવ્યા અનુસાર, રાહુલ ગાંધી દેવભૂમિ દ્વારકા ખાતે શિબિરમાં હાજરી આપી હતી. ત્યાં ઘણા ધારાસભ્યોએ રાહુલ ગાંધી અને સોનિયા ગાંધી સાથે સીધી વાત કરવાની ઈચ્છા વ્યકત કરી હતી. શિબિર દરમિયાન આ શક્ય ન હતું તેથી નેતાઓને દિલ્હી બોલાવવામાં આવ્યા છે. દરમિયાન રાઠવાએ દાવો કર્યો હતો કે ભાજપમાં જોડાયેલા કોંગ્રેસના નેતાઓ ત્યાં સંતુષ્ટ નથી અને તેઓ ફરીથી કોંગ્રેસમાં જોડાવાની ઈચ્છા વ્યક્ત કરી રહ્યા છે.

## આગામી ચાર દિવસ તાપમાનમાં નહિંવત વધારો

ગાંધીનગર,

રાજયભરમાં છેલ્લા થોડા દિવસથી કાળઝાળ ગરમીથી લોકો ત્રાસી રહ્યા છે. ત્યારે સપ્તાહની સરખામણીએ બે દિવસથી ગરમીમાં સામાન્ય ઘટાડો નોંધાયો છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, આગામી ૪થી ૫ દિવસ રાજ્યમાં ગરમીમાં વધારો થવાની સંભાવના નહિવત્ છે. રાજ્યમાં ગરમીનો પ્રકોપ ઘટ્યો છે. ૪ દિવસ તાપમાનમાં વધારો નહિંવત જણાય શકે છે. સમુદ્રી પવન ફૂંકાતા ગરમીમાંથી આંશિક રાહતના કારણે રાજ્યમાં તાપમાન ૪૦ ડિગ્રીથી નીચું તામપાન જશે.



રાજયમાં તાપમાનની વાત કરીએ તો, અમદાવાદમાં ૩૯.૧ ડિગ્રી, ગાંધીનગરમાં ૩૯.૨ ડિગ્રી, અમરેલીમાં ૩૯.૦ ડિગ્રી , ભાવનગરમાં ૩૫.૯ ડિગ્રી, દ્વારકામાં ૨૭.૯ ડિગ્રી, જૂનાગઢમાં ૩૯.૦ ડિગ્રી, પોરબંદરમાં ૩૫.૦ ડિગ્રી, રાજકોટમાં ૩૯.૦ ડિગ્રી, સુરતમાં ૩૬.૨ ડિગ્રી અને ભુજ- ૩૮.૬ ડિગ્રી તાપમાન નોંધાયું છે. ૪ દીવસ બાદ ગરમીનું જોર વધશે.

ગુજરાતમાં માર્ચ મહિનાથી કાળઝાળ ગરમીની શરૂઆત થઈ ગઈ છે. આ કાળઝાળ ગરમીની અસર રસ્તાઓ પર દેખાવા લાગી છે. રસ્તાઓ સુમસામ થવા લાગ્યા છે. આ સાથે બપોરના સમયે અનેક લોકો પોતાની દુકાનો બંધ કરીને ગરમીથી રાહત મેળવવા માટે ઘરે જતા રહેતા હોય છે.

ઉલ્લેખનીય છે કે, હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ગરમી વધતા અરબી સમુદ્ર અને બંગાળના ઉપસાગરમાંથી ભેજ ઉપર આવતા વાદળછાયું વાતાવરણ સર્જાયું છે. એકથી બે દિવસ ગરમીમાંથી રાહત મળી શકે છે. તમને જણાવી દઈએ કે ૨૫ થી ૨૭ માર્ચ દરમિયાન સૌરાષ્ટ્રના દરિયા કિનારાના વિસ્તારમાં વાદળછાયું વાતાવરણ રહેશે. આ સાથે જ કેટલાક વિસ્તારોમાં વરસાદી હળવા ઝાપટા પણ પડી શકે છે. આમ, ૩૧ માર્ચ સુધીમાં ગુજરાતના વાતાવરણમાં પલટો આવી એવી શક્યતાઓ વરતાઈ રહી છે.

રાજ્યમાંથી અન્યત્ર ગાંધીનગરમાં ૩૯.૨, રાજકોટ-અમરેલી-ડીસા-પાટણમાં ૩૯, વડોદરા-ભૂજમાં ૩૮.૬, સુરતમાં ૩૬.૨, ભાવનગરમાં ૩૫.૯, નલિયામાં ૩૫.૨, પોરબંદરમાં ૩૫ ડિગ્રી સરેરાશ મહત્તમ તાપમાન નોંધાયું હતું.

## લેહ-લદ્દાખમાં ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા

લદ્દાખ,

લેહ-લદ્દાખમાં ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા છે. તે જ સમયે, રિએક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૩.૬ હતી. જો કે આના કારણે કોઈ નુકસાન થયું નથી.

નોંધનીય છે કે જુલાઈ ૨૦૨૧માં પણ લેહ-લદ્દાખમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ત્યાર તેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૩.૬ માપવામાં આવી હતી. આ પહેલા જૂન મહિનામાં લેહમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. તે સમયે ભૂકંપની તીવ્રતા ૪.૬ માપવામાં આવી હતી. જોકે, કોઈ નુકસાન થયું ન હતું.

તે જ સમયે, મે ૨૦૨૧ મહિનામાં પણ લદ્દાખમાં ઘણી વખત ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ત્યારબાદ સતત બે દિવસ સુધી ભૂકંપના કારણે લદ્દાખની ધરતી ધ્રૂજી રહી હતી. ત્યારપછી એક મહિના પછી ફરી ભૂકંપ આવ્યો. હા, મે ૨૦૨૧માં લદ્દાખમાં ૨૧મી અને ૨૨મી તારીખે સતત બે દિવસ સુધી ભૂકંપ આવ્યો હતો, જેની તીવ્રતા અનુક્રમે ૪.૨ અને ૩.૬ નોંધવામાં આવી હતી.

પૃથ્વી અનેક સ્તરોમાં વહેંચાયેલી છે અને જમીન નીચે અનેક પ્રકારની પ્લેટો છે. આ પ્લેટો એકસાથે અટવાઈ જાય છે, પરંતુ કેટલીકવાર આ પ્લેટો સરકી જાય છે, જેના કારણે ભૂકંપ આવે છે. ક્યારેક તે વધુ કંપન કરે છે અને તેની તીવ્રતા વધે છે. ભારતમાં, પૃથ્વીના આંતરિક સ્તરોમાં ભૌગોલિક હિલચાલના આધારે કેટલાક ઝોન નક્કી કરવામાં આવ્યા છે અને કેટલાક સ્થળોએ તે વધારે છે અને કેટલાક સ્થળો ઓછા છે.

આ શક્યતાઓના આધારે, ભારતને ૫ ઝોનમાં વહેંચવામાં આવ્યું છે, જે જણાવે છે કે ભારતમાં ભૂકંપ માટે સૌથી વધુ સંવેદનશીલ ક્યાં છે. આ ઝોન -૫ માં મોટા ભાગે ભૂકંપ આવવાની શક્યતા છે અને તેના કરતા ૪, ૩ ઓછા છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

બી. એ. જાદવ

મુ. સુરેલી, તા.શહેરા

જી. પંચમહાલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

વાડી દૂધ ઉ.સ.મં.લી.

મુ. વાડી, તા.શહેરા

જી. પંચમહાલ

### શહેરા નગરપાલિકા
### જાહેર નિવિદા
### ટેન્ડર નોટીસ નં.૧૮, વર્ષ ૨૦૨૧-૨૨

મુખ્ય અધિકારી, નગરપાલિકા શહેરા દ્વાર સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ પટીયા–૧ આંગણવાડીના કામ માટે રજીસ્ટર કોન્ટ્રાકટરો પાસે થી ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. જેની અંદાજીત રકમ રૂા.૭,૮૭,૦૦૬.૦૦ સુધીની છે.

ટેન્ડર તા.૩૧/૦૩/૨૦૨૨ સમય ૧૮.૦૦ કલાક સુધી ડાઉનલોડ તથા સબમીશન કરી શકાશે. તથા ટેન્ડર ફી, ઈ.એમ.ડી. તથા બીજા ડોક્યુમેન્ટ તા.૦૬/૦૪/૨૦૨૨ સમય ૧૬.૦૦ કલાક સુધી નગર સેવા સદન કચેરી કામકાજ સમય દરમ્યાન રજુ કરવાનુ રહેશે. આ ટેન્ડર અંગેની બીજી શરતો અને માહિતી માટે વેબસાઈટ www.nprocure.com પરથી મળી શકશે.

| (આર.સી. સોલંકી) | (વી.જી. પંચાલ) | (યુ.એન. નાયકા) |
|---|---|---|
| ચીફ ઓફીસ | કારોબારી અધ્યક્ષ | પ્રમુખ |
| નગરપાલિકા શહેરા | નગરપાલિકા શહેરા | નગરપાલિકા શહેરા |

માહિતી/ગોધરા/૧૦૫૫/૨૦૨૨

## રાજ્યકક્ષાના ઈનોવેશન ફેસ્ટિવલમાં સતત બીજી વખત ભાગ લઈ

# સંત શિક્ષણાનુભવ પ્રાથમિક શાળાના વર્ષાબેન પ્રજાપતિએ સંતરામપુર ગામ અને તાલુકાનું નામ પ્રકાશિત કર્યું



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, શિક્ષણવિભાગ અને જી.સી.ઈ.આર.ટી ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ઈડર આયોજિત રાજ્યકક્ષાના એજ્યુકેશન ઈનોવેશન ફેસ્ટિવલ ૨૦૨૧-૨૨માં સંત ગામની સંતશિક્ષણાંનુભવ પ્રાથમિક શાળાના વર્ષાબેન પ્રજાપતિએ પોતાનું ઈનોવેશન 'હું કોણ?ઘરનો મોભ કે ક્ષોભ? રજૂ કર્યું હતું. જે દીકરીઓને લાગતા વિવિધ પ્રશ્નો, મુંજવણ માર્ગદર્શન અંગે હતું. જેને અધિકારીઓ અને શિક્ષક મિત્રોએ ખૂબ વખાણ કરી તાજેતરના સમયમાં બાળકીઓ માટે ખરેખર માર્ગદર્શન રૂપ અને જરૂરી બતાવ્યું હતું અને રાજ્યકક્ષાએ ભાગ લેવા બદલ શિક્ષિકા બેન વર્ષાબેન પ્રજાપતિને મોમેન્ટો અને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કર્યા હતા. ગત વર્ષે પણ આ શિક્ષિકાબેન કોરોના મહામારીમાં અદ્દભૂત કામગીરી કરવા બદલ રાજ્યકક્ષાએ ઈનોવેશન ફેસ્ટિવલ ૨૦૨૦-૨૧માં મોમેન્ટ અને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. જે સંતરામપુર તાલુકા માટે ખરેખર ગર્વની બાબત છે.

# શ્રી સ્વામિનારાયણ મંદિર, ધાંધલપુર-પંચમહાલમાં રંગ પંચમીની પૂર્વ સંધ્યાએ શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્યશ્રીનું ઉત્સાહભેર કર્યું સ્વાગત



ગોધરા, ૨૦૦ વર્ષ પહેલાં શ્રી સ્વામિનારાયણ ભગવાન પ્રતિ વર્ષે ગુજરાતના જુદા જુદા ખૂણે અને જુદાં જુદાં ગામોમાં હજારો ભક્તો અને સંતોને એકત્રિત કરીને રંગોત્સવો ઊજવતા હતા. ત્યારે કેવો માહોલ રચાતો હશે ? શ્રી સ્વામિનારાયણ ભગવાનના સમકાલીન પરમહંસ સંતોએ નજરે જોયેલા એ રંગોત્સવની અદ્ભુત દસ્તાવેજી સ્મૃતિઓ પોતાની વાતોમાં, ગ્રંથો તેમજ કીર્તન-કાવ્યોમાં ચિત્રાત્મક રીતે ગૂંથી લીધી છે. ગ્રંથોમાં ઠેર ઠેર શ્રી સ્વામિનારાયણ ભગવાનના રંગોત્સવોનું અદ્ભુત દર્શન માણવાં મળે છે.

આ બધામાં આધારાનંદ સ્વામીની નોંધ અનન્ય છે. 'હરિચરિત્રામૃતસાગર' ગ્રંથમાં તેમણે વરતાલ, ગઢપુર, અમદાવાદ, સારંગપુર, લોયા, પંચાળા, ધરમપુર, ડભાણ, કરિયાણા વગેરે સ્થળોએ સ્વામિનારાયણ ભગવાને ઊજવેલા રંગોત્સવોનો આંખે દેખ્યો અહેવાલ પ્રસ્તુત કર્યો છે. તેમાં જાણે ગઈ કાલે જ એ ઉત્સવો ઊજવાયા હોય તેવી તાજગી છે. મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન સંચાલિત શ્રી સ્વામિનારાયણ મંદિર, ધાંધલપુર ખાતે શ્રી સ્વામિનારાયણ ભગવાનના નાદવંશીય પરંપરાના ષષ્ઠ આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજ રંગપંચમીની પૂર્વ સંધ્યાએ તા. ૨૧ માર્ચ ૨૦૨૩ ને સોમવારના રોજ સાંજે પધારતા રંગપંચમી-ફુલદોલોત્સવની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. પંચમહાલ-દાહોદ-મહીસાગર જિલ્લાના મહંતશ્રી યોગપ્રિયદાસજી સ્વામી તથા અન્ય પૂજનીય સંતોની ઉપસ્થિતિમાં મોટી સંખ્યામાં હરિભક્તો ઢોલ નગારા સાથે ફાગ ગીતો-સત્સંગ કીર્તનો ગાઈને સ્વાગત તૈયારી કરી રહ્યા હતા. અને સંધ્યા ટાણે આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજ પધાર્યા. શ્રી યોગપ્રિયદાસજી સ્વામીએ કેસૂડાંનો પુષ્પહાર પહેરાવી કૃતકૃત્યતા અનુભવી હતી. કીર્તન-ઢોલના તાલે સહુ કોઈ નાચતા ઝૂમતા મંદિરમાં આવ્યા હતા. સ્વામિનારાયણબાપા સ્વામીબાપાનાં દર્શન કરી સંધ્યા આરતી ઉતારી હતી. કીર્તન ભકિત અને કથાવાર્તા વગેરે અદ્યાત્મ સભર કાર્યક્રમ બાદ સંતો અને હરિભકતોએ વિશાળ ધાણી તથા કેસૂડાંનો પુષ્પહાર પહેરાવીને ધન્યભાગ્ય બન્યા હતા. સૌએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી અને પૂજનીય સંતોને પણ કેસૂડાંનાં પુષ્પોનાં હાર પહેરાવ્યા હતા.

## વિશ્વમાં ૨૪ કલાકમાં ૧૧ લાખથી વધુ કોરોના કેસ, ૨૯૧૭ લોકોના મોત

બીજીંગ, કોરોનાથી ચીન અને હોંગકોંગમાં સ્થિતિ બગડ્યા બાદ વિશ્વના ઘણા દેશોમાં સંક્રમણના તાજા કેસોએ ફરી એકવાર ખળભળાટ મચાવ્યો છે. વર્લ્ડોમીટર અનુસાર, સમગ્ર વિશ્વમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૧ લાખથી વધુ નવા કોરોના દર્દીઓની પુષ્ટિ થઈ છે. તે જ સમયે, કોરોનાને કારણે ૨,૯૧૭ લોકોના મોત થયા છે. બીજી તરફ ચીનના ઘણા રાજ્યોમાં કરોડો લોકો લોકડાઉનમાં જીવી રહ્યા છે.


જે દેશોમાં કોરોના ઝડપથી ફેલાઈ રહ્યો છે તેમાં ચીન, હોંગકોંગ, દક્ષિણ કોરિયા અને જાપાનનો સમાવેશ થાય છે. દક્ષિણ કોરિયામાં છેલ્લા ૨૪ કલાકમાં ૩.૩૪ લાખ કેસ સામે આવ્યા છે. છેલ્લા ત્રણ દિવસમાં અહીં ૧૧ લાખથી વધુ કોરોના કેસ મળી આવ્યા છે. બીજી તરફ ચીનમાં ફરી એકવાર કોરોનાના કારણે સ્થિતિ બેકાબૂ બની જતાં અનેક જગ્યાએ નવા નિયંત્રણો લાગુ કરવામાં આવ્યા છે. ચીનના જિલિન પ્રાંતમાં, સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા લાદવામાં આવેલા નિયંત્રણોને કારણે સોમવારથી ૪.૫ મિલિયન લોકોને કેદ કરવામાં આવ્યા છે. જિલિન ઉત્તર કોરિયા અને રશિયા સાથે તેની સરહદ વહેંચે છે. તેથી આ દેશોમાં પણ કોરોનાને લઈને તકેદારી વધારવામાં આવી છે.

ભારતીય-અમેરિકન સર્જન જનરલ વિવેક મૂર્તિએ ચેતવણી આપી છે કે કોવિડ-૧૯ રોગચાળો હજી સમાપ્ત થયો નથી અને આવતા મહિનાઓમાં કેસમાં વધારો જોવા મળી શકે છે. મૂર્તિએ કોરોના સામે લડવા માટે ભંડોળની અછત અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે, રોગચાળાના ફેલાવાને જોતા આપણે ફરીથી તૈયાર રહેવું જોઈએ. આગામી મહિનાઓમાં ચેપમાં વધારો અને ઘટાડો થઈ શકે છે, એમ તેમણે જણાવ્યું હતું. પરંતુ ધ્યેય એ હોવો જોઈએ કે લોકોને હોસ્પિટલમાં દાખલ ન થવું પડે. તેમનું જીવન બચાવવાનું છે, અને આમ કરવા માટે અમારી પાસે પહેલા કરતાં વધુ સંસાધનો છે. તેથી આપણું ધ્યાન તૈયારી પર હોવું જોઈએ.

કોરોનાના વધતા જતા કેસો વચ્ચે હોંગકોંગે જાહેરાત કરી છે કે તે બ્રિટન અને અમેરિકા સહિત ઘણા દેશો પર લાદવામાં આવેલા ફ્લાઈટ પ્રતિબંધો હટાવી લેશે. હોંગકોંગના નેતા કેરી લેમે પણ કહ્યું કે અમારું વહીવટીતંત્ર શહેરમાં આવતા પ્રવાસીઓ માટે ક્વોરેન્ટાઈનનો સમયગાળો પણ ઘટાડશે. ઓસ્ટ્રેલિયા, કેનેડા, ફ્રાન્સ, નેપાળ, પાકિસ્તાન, ફિલિપાઈન્સ, બ્રિટન અને અમેરિકાને પણ ૧ એપ્રિલથી આ પ્રતિબંધોમાંથી રાહત મળશે. અહીં આવનારા વિદેશીઓ હવે ૧૪ને બદલે સાત દિવસ ક્વોરેન્ટાઈનમાં રહી શકશે, પરંતુ આ દરમિયાન તેમણે વાયરસનો નેગેટિવ રિપોર્ટ રજૂ કરવો પડશે.

ચીનમાં ફરી એકવાર કોરોના સંક્રમણના વધારાને જોતા ડિઝનીએ સોમવારે શાંઘાઈમાં તેનો થીમ પાર્ક બંધ કરી દીધો છે. દરમિયાન, દેશના દક્ષિણી બિઝનેસ હબ, શેનજેને એક અઠવાડિયાથી બંધ કરાયેલી દુકાનો અને ઓફિસોને ફરીથી ખોલવાની મંજૂરી આપી છે. તે જ સમયે, પૂર્વોત્તરમાં ચાંગચુન અને જીલીને સંક્રમિતોની સંખ્યામાં વધારાને ધ્યાનમાં રાખીને ફરી એકવાર વ્યાપક કોરોના તપાસ શરૂ કરી છે. સરકારી ડેટા અનુસાર ચીનમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના સંક્રમણના ૨,૦૨૭ નવા કેસ નોંધાયા છે, જે એક દિવસ પહેલા નોંધાયેલા ૧,૭૩૭ કેસ કરતાં વધુ છે.

## દે.બારીયા થી ચોરી થયેલ ટ્રકને ગોધરાના રહેમનગર ખાતેથી LCB એ ઝડપી ગુનાનો ભેદ ઉકેલ્યો



ગોધરા, ગોધરા એલ.સી.બી. પોલીસને બાતમી મળી હતી કે, ગેની પ્લોટમાં રહેતો ઈસમ કોઈ જગ્યાએથી ટ્રક ચોરી અગર તો છળકપટથી મેળવી રહેમત નગર મેદાનમાં સંતાડી મુકી રાખેલ છે. તેવી બાતમીના આધારે ચોરીની ટ્રક સાથે ઈસમને ઝડપી દે.બારીયા કાપડી વિસ્તારમાં ચોરી થયેલ ટ્રક ચોરીનો ભેદ ઉકેલવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા એલ.સી.બી.પોલીસને બાતમી મળી હતી કે, ગેની પ્લોટમાં રહેતા મહંમદ ઈરફાન મહંમદ સઈદ મીઠાભાઈ કોઈ જગ્યાએથી ટ્રક ચોરી કરીને લાવેલ છે અને રહેમત નગર મેદાનમાં સંતાડી રાખેલ છે અને ટ્રક વેચવાની ફિરાકમાં છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી ચોરીની ટ્રક નંબર જીજે.૧૬.એકસ.૭૭૩૩ સાથે મહંમદ ઈરફાન મહંમદ સઈદ મીઠાભાઈને ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસની પુછપરછ દરમિયાન દે.બારીયાના કાપડી વિસ્તારમાં આવેલ કબ્રસ્તાન પાસેથી તેના મિત્ર યાકુબ અબ્દુલ સતાર પથીયા ઉર્ફે વેજલીયો સાથે મળીને ચોરી કરી લાવેલા હોવાની કબુલાત કરી હતી. ગોધરા એલ.સી.બી.પોલીસે દે.બારીયા પોલીસ મથકે ટ્રક ચોરીનો ગુનો રીકવર કરી ચોરીના ગુનાનો ભેદ ઉકેલ્યો છે.

## મોરવા(હ) પોલીસ મથકના પ્રોહિ. ગુનાના આરોપીએ LCBએ ઝડપ્યો

દાહોદ, પંચમહાલ જિલ્લાના મોરવા પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશનના ગુન્હામાં દોઢ વર્ષથી નાસતાં ફરતાં આરોપીને દાહોદ એલ.સી.બી. પોલીસે દાહોદ જિલ્લાના ધાનપુર ચોકડી ઉપરથી આરોપીને ઝડપી પાડ્યાંનું જાણવા મળે છે.

દાહોદ જિલ્લા પોલીસ વડા હિતેશ જોયસરની સુચના અને માર્ગદર્શન હેઠળ દાહોદ જિલ્લા પોલીસ દ્વારા નાસતા ફરતાં આરોપીઓને ઝડપી પાડવાની કામગીરી કરી રહી છે ત્યારે દાહોદ એલ.સી.બી. પોલીસને મળેલ બાતમીના આધારે દાહોદ એલ.બી. પોલીસે દાહોદ જિલ્લાના ધાનપુર ચોકડી ખાતે નાકાબંધી કરી ઉભા હતા તે સમયે ત્યાંથી બાતમીમાં દર્શાવેલ પંચમહાલ જિલ્લાના મોરવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં છેલ્લા દોઢ વર્ષથી પ્રોહીબીશનના ગુન્હામાં નાસતો ફરતો આરોપી મહેન્દ્રભાઈ ગીરાબાઈ બારી (રહે. દેગાવાડા, વન ફળિયા, તા. દેવગઢ બારીઆ, જિ.દાહોદ) ને ઝડપી પાડીજેલ ભેગો કરી પોલીસે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સંતરામપુરમાં મુસ્લિમ ઘાંચી સમાજની મીટીંગમાં પ્રમુખ-ઉપપ્રમુખની વરણી કરાઈ


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, સંતરામપુર મુસ્લિમ ઘાંચી સમાજની મદ્રેસા હોલમાં મીટીંગ યોજવામાં આવેલી હતી. આ મિટિંગમાં મુસ્લિમ ઘાંચી સમાજમાં રીતિ રિવાજોમાં અને પ્રમુખ ઉપપ્રમુખની વરણી કરવામાં આવેલી હતી. વર્ષોથી ચાલતા રિવાજોનું ફેરફાર કરવા માટે અને સમાજનો વિકાસ થાય વગેરે મુદ્દા ઉપર ચર્ચા કરવામાં આવેલી હતી. આ મિટિંગમાં સમાજના અગ્રણીઓ વડીલો યુવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા. મુસ્લિમ ઘાંચી સમાજના પ્રમુખ તરીકે અને ઉપપ્રમુખ તરીકે વરણી કરવામાં આવેલી હતી. જેમાં પ્રમુખ હાજી અસ્ફાક હાજી અબ્દુલ રહીમ ભૂરા અને ઉપ-પ્રમુખ તરીકે હાજી આરીફ હાજી સલામ મુસાની વરણી કરવામાં આવી હતી. સેક્રેટરી ખજાનચી કારોબારી સભ્યોની વરણી કરાઈ હતી. સમગ્ર મુસ્લિમ સમાજની સાચી દિશામાં લઈ જવા માટે બંધારણનું અને તેના નિયમોનું સંપૂર્ણ માર્ગદર્શન હાજી યુસુફભાઈ રહીમભાઈ ગાજીનો માર્ગદર્શન પૂરૂં પાડવામાં સૌથી વધારે યોગદાન હતું અને સમાજના તમામની હાજરીમાં પ્રમુખ-ઉપપ્રમુખની વરણી કરવામાં આવેલી હતી.

## ગોધરા છબનપુર થી ગૌવંશ ભરેલ ટેમ્પોનો પીછો કરતી LCB પોલીસને મારી નાખવાના ઈરાદે ટેમ્પોને પલ્ટી ખવડાવ્યો

ગોધરા, ગોધરા તાલુકાના છબનપુર ગામ પાસે એલ.સી.બી. પોલીસ પેટ્રોલીંગમાં હતી. દરમિયાન શંકાસ્પદ રીતે પસાર થતાં ટેમ્પાનો પીછો કર્યો હતો. પોલીસનું વાહન દેખીને ટેમ્પા ચાલકે ભુરાવાવ થી ચર્ચ સર્કલ લઈને બહારપુરા તરફ ભાગવા જતાં પોલીસે ફિલ્મી ઢબે ટેમ્પાનો પીછો કર્યો હતો. પોલીસનું વાહન ટેમ્પોની ઓવર ટેક કરવા જતાં પોલીસ કર્મચારીઓને મારી નાખવાના ઈરાદે ટેમ્પો રોડ ઉપર પલ્ટી ખવડાવી દીધો હતો અને ખાનગી વાહન તેમજ આરોપીઓ પોતાને કલીનર અને પોલીસ કર્મચારીને ઈજાઓ પહોંચાડી ગુનો કર્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરાના છબનપુર ગામ પાસે એલ.સી.બી. પોલીસ પેટ્રોલીંગમાં હતી. દરમિયાન ટેમ્પો નંબર જીજે.૦૭.ઝેડ.૫૮૬૦ શંકાસ્પદ રીતે પસાર થતા હોય તેને રોકવા માટે પોલીસે ટેમ્પાનો પીછો કર્યો હતો. ટેમ્પામાં કત્તલના ઈરાદે પશુઓ ભરીને લાવેલ હોય જેથી ટેમ્પો ચાલક પોલીસ થી બચવા માટે ભુરાવાવ થઈ ચર્ચ સર્કલ અને ત્યાંથી બહારપુરા તરફ ટેમ્પો ભગાવ્યો હતો. પોલીસે ફિલ્મી ઢબે ટેમ્પાનો પીછો કરી ટેમ્પાની ઓવર ટેક કરવા જતાં ટેમ્પો ચાલકને ઈરફાન યુસુફ ભોચલની સુચનાથી પોલીસ કર્મચારીઓને મારી નાખવાના ઈરાદે ટેમ્પોની પલ્ટી ખવડાવી રેલીંગ તોડી ટેમ્પો તેમજ ખાનગી વાહનને નુકશાન કરી શબ્બીર હુસેન ઝબ્બા અને કલીનર તેમજ પોલીસ કર્મચારી વિપુલભાઈ ભરતભાઈને નાની મોટી ઈજાઓ પહોંચાડી હતી. ટેમ્પોમાં ભરેલ ગૌવંશ નંગ-૫ને ટેમ્પો માંથી બહાર કાઢીને પરવડી પાંજરાપોળ ખાતે ખસેડવામાં આવ્યા હતા. આ બાબતે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે શબ્બીર હુસેન ઝભા, યાસીન આદમ મદારા, મુસ્તાક ઉર્ફે ભુરીયા ઈબ્રાહીમ શેખ, ઈરફાન યુસુફ મીચલ વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## હાલોલ રામદેવજી ભગવાનનો ૧૦ મો પાટોત્સવ સમસ્ત મારવાડી સમાજ દ્વારા ઉજવાયો



હાલોલ, શ્રી વિષ્ણુ અવતાર રામદેવજી ભગવાનનો હાલોલ નગર ખાતે ૧૦ મો પાટોત્સવ નગરના સમસ્ત મારવાડી સમાજ દ્વારા ભક્તિમય વાતાવરણમાં શોભાયાત્રા સહિતના વિવિધ કાર્યક્રમો સાથે યોજાયો હતો જેમાં હાલોલ નગરના સ્ટેશન રોડ ખાતે આવેલ શ્રી રામદેવજી મંદિર ખાતે મારવાડી સમાજ દ્વારા ભજન કીર્તન સત્સંગ મહાઆરતી શોભાયાત્રા અને મહાપ્રસાદ સહિતના કાર્યક્રમ યોજી શ્રી રામદેવજી ભગવાનના દશમા પાટોત્સવની ભારે હર્ષોલ્લાસ સાથે ભક્તિમય વાતાવરણમાં ઉજવણી કરવામાં આવી હતી. સંવત ૨૦૭૮ ફાગણ વદ ૫ ને મંગળવારના રોજ હાલોલ નગર ખાતે શ્રી વિષ્ણુ અવતારી સિદ્ધ રામદેવજી ભગવાનનો દશમો પાટોત્સવ રામદેવ યુવક મંડળ અને સમસ્ત મારવાડી સમાજ દ્વારા સમાજના પીર શ્રી બાલકદાસજી રઘુનાથપીર ધૂણી આશ્રમ ઢાલોપની ઉપસ્થિતિમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો સહિત નગર ખાતે ભવ્ય શોભાયાત્રા યોજી ઉજવાયો હતો. રામદેવજી ભગવાનની મહાઆરતી બાદ નગરના રાજમાર્ગો પર શ્રી રામદેવજી ભગવાનની ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી. જેમાં હાલોલ વિધાનસભાના ધારાસભ્ય જયદ્રથસિંહજી પરમાર સહિત રાજકીય અને સામાજિક અગ્રણીઓ સહિત સમસ્ત મારવાડી સમાજના અગ્રણીઓ મહીલાઓ પુરૂષો મોટી સંખ્યામાં જોડાયા હતા. જેમાં શોભાયાત્રા બાદ શ્રી રામદેવજી મંદિર સ્ટેશન રોડ ખાતે મહાપ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ભક્તોએ મહાપ્રસાદીનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

## ઝાલોદ ડેપોના ડ્રાઈવર-કંડકટર નશો કરી ફરજ બજાવવાના કિસ્સામાં સસ્પેન્ડ કરવામાં આવ્યા

ગોધરા, ગોધરા એસ.ટી. ડીવીઝનના ઝાલોદ ડેપોના ડ્રાઈવર અને કંડકટર ૧૯ માર્ચના રોજ ઝાલોદ-ટંકાર રૂટની બસમા નશો કરેલ હાલતમાં હોવાના આક્ષેપ કરી અમદાવાદના વાસણા ખાતે બોલાચાલી થતા ડ્રાઈવર અને કંડકટર બસ મૂકીને ફરાર થઈ ગયા હતા. વાસણા પોલીસમાં તપાસ દરમિયાન ઈંગ્લીશ દારૂનો જથ્થો મળી આવ્યો હતો. તેમાં ડ્રાઈવર-કંકડટરને સસ્પેન્ડ કરવામાં આવ્યા.

ગોધરા એસ.ટી. ડીવીઝનમાં ઝાલોડ ડેપોની બસના ડ્રાઈવર અને કંડકટર તા.૧૯ માર્ચના રોજ ઝાલોદ-ટંકારા રૂટની બસ લઈને ગયા હતા. ડ્રાઈવર-કંડકટર બન્ને નશો કરેલ હાલતમાં હોવાના આક્ષેપ કરી મુસાફરો દ્વારા અમદાવાદ-વાસણા ખાતે બોલાચાલી કરાઈ હતી. મુસાફરો દ્વારા નશો કરેલ ડ્રાઈવર-કંડકટર સાથે મુસાફરો દ્વારા બોલાચાલી થતાં બન્ને બસ મુકીને ફરાર થઈ ગયા હતા. બસમાં સવાર મુસાફરો દ્વારા વાસણા પોલીસને જાણ કરવામાં આવતાં વાસણા પોલીસની તપાસ દરમિયાન ડ્રાઈવર કેબીન માંથી ૬ ઈંગ્લીશ દારૂની બોટલો બિનવારસી હાલતમાં મળી આવી હતી. આ સમગ્ર મામલે ગોધરા એસ.ટી. ડીવીઝન પરીવહન અધિકારી દ્વારા ડ્રાઈવર - કંડકટરને સસ્પેન્ડ કરવામાં આવ્યા.

## ગોધરા ભુરાવાવ થી સિમલા સુધીના દબાણો દુર કરવામાં આવ્યા



ગોધરા, ગોધરા શહેરના પશ્ચિમ વિસ્તાર અને અમદાવાદ હાઈવે પર થયેલ આડેધડ દબાણો દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી દબાણ હટાવવાની કામગીરી દરમિયાન પોલીસનો મોટો કાફલો સાથે રાખવામાં આવ્યો.

ગોધરા શહેર અમદાવાદ હાઈવે રોડ સિમલા વિસ્તારમાં ગેરકાયદેસર દબાણોને લઈ ટ્રાફિકની અડચણ થતી હોય જેને લઈ રાજ્યના માર્ગ મકાન મંત્રીની મુલાકાત દરમિયાન દબાણો દુર કરવાના આદેશ કરવામાં આવ્યો હતો. જેને લઈ સ્ટેટ માર્ગ-મકાન વિભાગ અને પાલિકા દ્વારા ગેરકાયદેસર દબાણો દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી. આજે વહેલી સવારે થી ગેરકાયદેસરના દબાણો દુર કરવાની કામગીરી હાથ ધરાઈ હતી. ભુરાવાવ ચોકડી થી સિમલા વિસ્તાર સુધી દબાણો દુર હટાવવાની કામગીરી સમયે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

## આપની આજ.......

મેષ : આજના દિવસે તમે તમારા મનને કેન્દ્રિત કરીને તમારા અધૂરા કાર્યોને પતાવટ કરવાનો પ્રયાસ કરશો અને તેમાં સફળતા મળશે. પૂજા અને સત્સંગમાં તમારી રુચિ વધશે. નવા વ્યવસાય માટે નવી યોજનાઓ બનાવશો અને તેનો અમલ કરશો.

વૃષભ : આજે દરેક બાબતમાં તમારા થોડું સાવધાન રહેવાની જરૂર છે. વ્યવસાયમાં કોઈ સોદો કરતા પહેલા તમામ પાસાં તપાસો. શક્તિમાં વધારો થવાના સંકેતો છે. તમારી વાણીયતા અને કલાત્મક કુશળતાથી તમે અન્યના ખોટા ઈરાદાઓને નિષ્ફળ બનાવશો.

મિથુન : આજનો દિવસ શુભ દિવસ છે અને આજે બનાવેલું કામ પૂર્ણ થશે અને શુભ પરિણામ પ્રાપ્ત થશે. જો તમે કોઈ કામ માટે યાત્રા પર જાઓ છો તો તેમાં ફાયદો થશે અને તમારો હેતુ પૂરો થશે.

કર્ક : આજે તમને જોઈતું કામ કરવાની તક મળશે. જો તમે આ સમયે ઘરેથી કામ કરી રહ્યા છો, તો તમારા બધા કામમાં તમને લાભ મળશે. ઉત્કૃષ્ટ ચંદ્ર તમને અચાનક આજે કોઈ મહાન અધિકારીને મળવા માટે મદદ કરી શકે છે.

સિંહ : આજે તમને રોકાણમાં નુકસાન થઈ શકે છે, તેથી ગમે ત્યાં પૈસાની લાલચ આપતા પહેલા એકવાર વિચાર કરો. ભૌતિક સુખનાં માધ્યમોમાં વધારો થશે. આજે તમે તમારી સુવિધા વધારવા માટે પૈસા ખર્ચ કરશો અને તમને તેમાં લાભ મળશે.

કન્યા : આજે તમારો દિવસ છે તે શુભ છે. તમને ઓફિસમાં સહયોગીઓની મદદ મળશે. પૈસા મળવાથી ભંડોળ વધશે અને રોજગાર મેળવતા લોકોના હક વધશે. વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષામાં વિજય મળશે.

તુલા : આજનો દિવસ કોઈ શુભ દિવસ છે અને નવા ધંધા માટે નવી યોજનાઓ બનશે. આજે તમે તમારા દેવાની ચૂકવણી કરવામાં લાભ મેળવશો. સંતાન તરફથી તમને સંપૂર્ણ આનંદ અને સહયોગ મળશે.

વૃશ્ચિક : આજનો દિવસ વિશેષ છે અને તમને આનંદદાયક પરિણામ મળશે. બિનજરૂરી વિવાદથી મુક્તિ મળશે. તમારા ખર્ચ ઘટાડીને તમારી અર્થવ્યવસ્થા મજબૂત થશે. આજે તમને વાહનની ખરીદી કરી શકો છો. તમે ખુશ થશો કે આજે તમારા બધા કામ પૂર્ણ થઈ ગયા છે.

ધનુ : આજે ગ્રહોની રાશિ પર તમારી ખાસ કૃપા છે. આજે ભૌતિક સુખ અને સમૃદ્ધિમાં વૃદ્ધિ થશે. સબંધીઓ સાથે આત્મીયતા વધશે અને તમારા સંબંધોમાં સુધાર થશે. સાંજથી રાત સુધીનો સમય ધાર્મિક કાર્યોમાં વિતાવશે અને તમને લાભ મળશે.

મકર : આજનો શુભ તમને કોઈ સારા સમાચાર સાંભળી શકે છે. મિત્રો અને સ્વજનો તરફથી કોઈ શુભ સમાચાર મળતાં મન પ્રસન્ન રહેશે અને આનંદ થશે. ધાર્મિક કાર્યોમાં વધુ રસ રહેશે. ધંધાની દ્રષ્ટિએ આજનો દિવસ અનુકૂળ છે. લાભ વધારે મળશે.

કુંભ : આજનો દિવસ તમારા માટે વિશેષ ફાયદાકારક સાબિત થઈ શકે છે અને આજે તમને વૃદ્ધ મિત્રોની મદદથી ક્ષેત્રમાં સુસંગતતા મળશે. ડહાપણથી લીધેલા નિર્ણયો લાભ આપશે અને આજે તમારું મન ભગવાનની ભક્તિમાં વ્યસ્ત રહેશે.

મીન : આજે પૈસા વધુ ખર્ચ થશે. જો તમે કોઈ બાંધકામના કામમાં રોકાયેલા છો તો આજે તેના પર વધુ પૈસા ખર્ચ થશે. આ સમયે તમારે પૈસાના ખર્ચ પર થોડું નિયંત્રણ રાખવાની જરૂર છે અને ભવિષ્ય માટે કેટલાક પૈસા બચાવવાની જરૂર છે.

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ગોધરા તાલુકાના નદીસર પંથકમાં આજુ બાજુ

# ભરપુર પાણીનો સ્ત્રોત છતાં સિંચાઈના પાણી માટે વલખાં માળતાં ખેડૂતો

નદીસર,

ગોધરા તાલુકા નું નદીસર ગામ પાનમ સિંચાઈના કમાંન્ડ વિસ્તારમાં આવે છે અને મોરવા (રે) પાસે થી પસાર થતી પાનમ ની મુખ્ય કેનાલ માંથી કેનાલ કાઢીને નદીસર ને સિંચાઈ માટે પાણી આપવામાં આવે છે. ત્યારે સદર કેનાલમાં વચ્ચે આવતા ગામોમાં સિંચાઈના કારણે વર્ષો થી અહીંયા છેવાડાનો વિસ્તાર હોવાના કારણે પાણી સમય સર મળતું નથી. મોરવા, ગોકળપુરા, ઊંજડા, વકતાપૂરાં જેવા માંડ નદીસર થી પાંચ છ કી.મી દૂર આવેલા ગામોમાં ઉનાળામાં પણ ડાંગરનો પાક લઈ શકાય છે અને નદીસરમાં ચોમસામાં અથાગ પ્રયત્નો કરવા છતાં પણ ડાંગરનો પાક લેવામાં ખેડૂતને મુશ્કેલી પડે છે. જો વરસાદ સમયસર અને અનુકૂળ રીતે પડે તો વાંધો ન આવે પણ જો વરસાદ સમયસર ન પડે તો બીજો આધાર પાનમ સિંચાઈ વ્યવસ્થા છે પરંતુ આવા સમયે આગળના ગામો માંથી પાણી નદીસર સુધી લાવવું એટલે ખેડૂતો માટે માથાનો દુખાવો બની જાય છે.


તસ્વીર : હિમાંશુ પંડ્યા, નદીસર

એક નગ્ન સત્ય મુજબ જો ખેડૂત વર્ષમાં બે સીઝન પાક લેતો તેને કઈક આવક દેખાઈ છે, પણ અહીંયા તો વર્ષો થી એક સીઝન પાક પણ મહામુસીબતે લેવાઈ છે. તેમાં પણ તેની પાછળ થતો ખર્ચ ગણી એ સરવાળે ખેડૂતના હાથમાં કંઈજ રહેતું નથી. આ વર્ષે અહીંયા કેટલીક માઈનોર કેનાલોનું નવીનીકરણ ચોક્કસ થયું છે પરંતુ તેમાં પાણી આગળના ગામના હજારો હેકટર જમીન માંથી પિયત પૂર્ણ થાય ત્યારેજ મળે અને એવું કદી બન્યું નથી. પરિણામે અહીંયા ચોમાસામાં પણ ડાંગરનો પાક લેવામાં તકલીફ પડે છે અને આગળના ગામોમાં અત્યારે આ ઉનાળાની ઋતુ પણ ડાંગર મબલક ઉત્પાદન પામે છે. રવી સીઝનમાં ખેડૂતો ઘઉંનો પાક લઈ શકે પણ તેમાં પણ નદીસરના ખેડૂતને ઘઉં વાવવા માટે સમયસર પાણી મળ્યું નહિ જેથી ઘઉં વાવી શકાયા નથી.

૨૦૦૧ના ભૂકંપ બાદ અહીંયાના કૂવાના તળ ઉંડા ઉતરતા કૂવાઓમાં દિવાળી બાદ પાણીમાં તકલીફ ઊભી થાય છે અને પાકમાં એકધારૂં પાણી સિંચાઈ માટે મૂકી શકાતું નથી. આ વર્ષે તો કપાસના પાકમાં સમગ્ર પંથકમાં વાયરસના કારણે ખેડૂતોના ઉત્પાદન પર મોટી અસર પડી છે. તમાકુના પાકમાં પણ ઉતારો ઓછો છે. ત્યારે બધાની સીધી અસર ખેડૂતોની આવક પર થાય છે. પરિણામે બે ચાર ટકા ખેડૂતો સિવાય મોટાભાગના ખેડૂતોની આર્થિક હાલત ખરાબ છે. બેન્કોના ધિરાણ પણ ખેડૂતો સમયસર ભરી શકે તેમ નથી. મહી નદીના કાંઠા વિસ્તાર સિવાય ગામના પૂર્વ, ઉત્તર અને દક્ષિણ ભાગના મોટા ભાગના ખેડૂતોને સિંચાઈ વ્યવસ્થા માટે પ્રશ્નો છે. આ તરફ ગામમાં દક્ષિણ ભાગ થી પાંચેક કી.મી દૂર થી જ નર્મદા મુખ્ય કેનાલ પસાર થાય છે. તેનો લાભ અહીંયા ખેડૂતોને મળતો નથી. ત્યારે પાનમ સિંચાઈ વિભાગ દ્વારા રેના પાસેની મુખ્ય કેનાલ થી સીધું નદીસર માટે પાઈપલાઈન કે અન્ય રીતે જોડાણ આપવામાં આવે તો જ અહીંયાના ખેડૂતને બન્ને સીઝનમાં સિંચાઈનો લાભ મળે તેમ છે.

ગામની ફરતે આવેલા વડતળાવ, છબાસર, રાજેરાવ અને સતેરાવ એમ ચાર તળાવોને વિકસાવીને વરસાદ દરમિયાન વરસાદનું પાણી અને ત્યાર બાદ સિંચાઈના પાણી મારફતે ખેડૂતોને પાણી આપવામાં આવે તો ખેડૂતો ની આર્થિક હાલત સુધરે તેમ છે. આ તરફ નર્મદા મુખ્ય કેનાલ માંથી સર્વે કરી એક કેનાલ બનાવી તેમાં લિફ્ટ કરીને પણ સિંચાઈ માટે વ્યવસ્થા કરી શકાય તેમ છે.

જો સિંચાઈ વિભાગ અને સરકાર દ્વારા આ અંગે યોગ્ય અને ઝડપ થી નિકાલ કરવામાં નહિ આવે તો નદીસર પંથકનો ખેડૂત વધુ ખુવાર થશે અને હાથ માંથી હળ મૂકવાનો સમય આવશે.



> ૨૦૦૧ના ભૂકંપ બાદ અહીંયાના કૂવાના તળ ઉંડા ઉતરતા કૂવાઓમાં દિવાળી બાદ પાણીમાં તકલીફ ઊભી થાય છે અને પાકમાં એકધારૂં પાણી સિંચાઈ માટે મૂકી શકાતું નથી. આ વર્ષે તો કપાસના પાકમાં સમગ્ર પંથકમાં વાયરસના કારણે ખેડૂતોના ઉત્પાદન પર મોટી અસર પડી છે. તમાકુના પાકમાં પણ ઉતારો ઓછો છે. ત્યારે બધાની સીધી અસર ખેડૂતોની આવક પર થાય છે. પરિણામે બે ચાર ટકા ખેડૂતો સિવાય મોટાભાગના ખેડૂતોની આર્થિક હાલત ખરાબ છે. બેન્કોના ધિરાણ પણ ખેડૂતો સમયસર ભરી શકે તેમ નથી. મહી નદીના કાંઠા વિસ્તાર સિવાય ગામના પૂર્વ, ઉત્તર અને દક્ષિણ ભાગના મોટા ભાગના ખેડૂતોને સિંચાઈ વ્યવસ્થા માટે પ્રશ્નો છે.

### નદીસરની ફરતે આવેલ ચાર તળાવો વિકસાવી સિંચાઈની સુવિધા ઉભી કરાય

> નદીસર ગામને ફરતે આવેલા વડ તળાવ, છબાસર, રાજેરાવ અને સંતેરાવ એમ ચાર તળાવોને વિકસાવીને ચોમાસા દરમિયાન વરસાદી પાણી અને ત્યારબાદ સિંચાઈ મારફતે ખેડુતોને પાણી આપવામાં આવે તો ખેડુતોની આર્થિક હાલત સુધરે તેમ છે. તેમજ નર્મદા કેનાલ માંથી સર્વે કરી કેનાલ બનાવી લિફ્ટ કરીને તળાવો ભરીને ખેડુતો માટે સિંચાઈની વ્યવસ્થા ઉભી કરી શકાય તેમ છે.

# હાલોલ ડીવીઝનના ૮ જેટલા પોલીસ મથકમાં વર્ષ દરમિયાન પકડાયેલ ઈંગ્લીશ દારૂ જાંબુડી ગામે નાશ કરાયો

હાલોલ,

દક્ષિણ પંચમહાલના હાલોલ ડિવિઝન ના ૮ જેટલા વિવિધ પોલીસ મથકો ખાતે સન ૨૦૨૧ દરમિયાન એટલે કે એક વર્ષ દરમિયાન ઝડપી પાડવામાં આવેલો વિદેશી દારૂનો એક કરોડ રૂપીયાનો ૭૦ હજાર ઉપરાંત બોટલોનો જથ્થો મંગળવારના રોજ પાવાગઢની તળેટીમાં આવેલ જાંબુડી ખાતે હાલોલના ઉચ્ચ પોલીસ અધિકારીઓ તેમજ હાલોલ પ્રાંત અધિકારીની હાજરીમાં નાશ કરવામાં આવ્યો હતો.

પ્રાપ્ત વિગતોનુસાર હાલોલ ડિવિઝનલ પોલીસના તાબામાં આવતા હાલોલ ટાઉન પોલીસ મથક હાલોલ રૂરલ પોલીસ મથક કાલોલ પોલીસ મથક વેજલપુર પોલીસ મથક દામાવાવ પોલીસ મથક રાજગઢ પોલીસ મથક પાવાગઢ પોલીસ મથક તેમજ જાંબુઘોડા પોલીસ મથક માં તા. ૧.૧.૨૦૨૧ થી તા.૩૧.૧૨.૨૦૨૧ દરમિયાન સ્થાનિક પોલીસ તેમજ અલગ-અલગ પોલીસની



એજન્સીઓ દ્વારા કુલ મળી ૩૮૭ જેટલા કેસો નોંધાયા હતા. જેમાં ૭૩૮૧૩ વિદેશી દારૂની બોટલો ઝડપી પાડવામાં આવી હતી જેની કિંમત ૧૦૪૨૫૫૦૯/- રૂપિયા જેટલી હતી.

જ્યારે જાણવા મળતી માહિતી મુજબ આ ૮ પોલીસ મથકોમાં એક વર્ષ દરમિયાન સૌથી વધુ વિદેશી દારૂનો જથ્થો વેજલપુર પોલીસ મથક ખાતેથી જ્યારે સૌથી ઓછો જથ્થો જાંબુઘોડા પોલીસ મથક ખાતે ઝડપી પાડ્યો હોવાનું જાણવા મળે છે.

જ્યારે મંગળવારના રોજ વહેલી સવારે હાલોલ નાયબ પોલીસ અધિક્ષક તેમજ હાલોલ પ્રાંત અધિકારીની હાજરીમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે વિદેશી દારૂના જથ્થા પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યો હતો. આ પ્રક્રિયા મોડી સાંજ સુધી ચાલુ રહી હતી.

# રાયસિંગપુરા ખાતે કાંકણપુર આર્ટસ કોલેજ અને સિંગવડ આર્ટસ કોલેજ દ્વારા ૭ દિવસીય NSS કેમ્પનો શુભારંભ




ગોધરા,

ગોધરા તાલુકાની રાયસિંગપુરા પ્રાથમિક ખાતે .જે.એલ.કે કોટેચા આર્ટસ એન્ડ મતી એસ.એચ. ગાર્ડી કોમર્સ કોલેજ તેમજ સુમનભાઈ રંગજીભાઈ ભાભોર આર્ટસ કોલેજ, સીંગવડ કોલેજના સચુંકત ઉપક્રમે એન.એસ.એસ યુનિટ દ્વારા સાત દિવસીય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. જેનો શુભારંભ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર અનિલભાઈ સોલંકીના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો.

આ કેમ્પનું મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવવાના હેતુથી તેમજ બીજા અન્ય બહારના અનુભવો પુરા પાડવાના ઉમદા હેતુથી બંને કોલેજના વિદ્યાર્થીઓનો સાત દિવસીય કેમ્પ રાયસિંગપુરા ખાતે ૨૨ માર્ચના રોજ શુભારંભ થયો.આ ઉદઘાટનમાં શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના એન એસ એસ કો ઓર્ડીનેટર નરસિંહભાઈ પટેલ, ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના કો-ઓર્ડીનેટર કાંકણપુર કોલેજના આચાર્ય ડો. કુમાર જૈમિનિ શાસ્ત્રી તેમજ સિંગવડ કોલેજના આચાર્ય જી.એન.બારીયા, કાંકણપુર કોલેજના પ્રોગ્રામ ઓફિસર ડો.મહેશભાઈ રાઠવા અને સિંગવડ કોલેજના પ્રોગ્રામ ઓફિસર ડો. મહેશ પટેલ, અને રાયસિંગપુરા પ્રાથમિક શાળાના આચાર્ય ડી વી દરજી, તેમજ શાળાના શિક્ષકો ગામના સરપંચ કમલેશ પરમારની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટય કરી આ કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો. કેમ્પનું સંચાલન પ્રોગ્રામ ઓફિસર મહેશભાઈ પટેલ અને મહેશભાઈ રાઠવાએ કર્યું હતું. આ પ્રસંગે શાળાના શિક્ષકો ચંદુભાઈ તાવિયાડ, દલપતસિંહ બારીયા, જતીનભાઈ પાઠક, ધર્મિષ્ઠાબેન મહિડા સહિત ગામના કેસરીસિંહ રાઠોડ, સંજય સોલંકી, નરેશ રાઠોડ, વિપુલ રાઠોડ, સુરપાલસિંહ રાઠોડ, સતીશ પરમાર, રાયસિંગપુરા ગ્રામ પંચાયત, દૂધ ડેરી, આંગણવાડી વગેરેએ સહયોગ આપ્યો હતો. સ્વાગત પ્રવચન ડો મહેશ રાઠ્વાએ કર્યું હતું. ઉદઘાટન કાર્યક્રમનું સંચાલન પ્રો મહેશ પટેલે કર્યું હતું. આભાર વિધિ રાયસિંગપુરા પ્રા. શાળાના શિક્ષક મહેન્દ્ર પરમારે કરી હતી.

## ગોધરા(ક) વિસ્તારમાં ખેતીની જમીન વેચાણ દસ્તાવેજની રાખનાર

# દાહોદના રાવત કુટુંબ બિનખેડુત હોવા છતાં અઢળક ખેતીની જમીન વસાવી : બિનખેડુત તરીકે વસાવેલ જમીનનો ગણોત કેસ ચલાવી મિલ્કત શ્રી સરકાર કરાય

ગોધરા,

ગોધરા (ક)ની નોંધ નંબર. ૮૧૧૮૨ બાબતે જીલ્લા કલેકટર પંચમહાલ ગોધરાના જ.મ.ન.૨/વશી/૧૪૨/ ૨૦૨૨. તા.૯/૨/૨૦૨૨ના રોજ નાયબ કલેકટર ગોધરા પ્રાંત એન.બી.રાજપુતને ૧ થી ૫૪ સુધીના પેજ સામેલ રાખી રજુઆત બાબતે બિનખેડુત હોવાની જરૂરી તપાસ કર્યા વગર તેમજ અરજદારને સાંભળ્યા વગર અને ચાલુ કેસની પ્રક્રિયા હોવા છતાં નોંધ મંજુર કરેલ છે. જેનો તકરારી કેસ નંબર ૨૦૦/ ૨૦૨૧ તા.૧૩/૩/૨૨ના રોજ એન.બી.રાજપુત દ્વારા મંજુર કરેલ છે. જે જીલ્લા કલેકટર તેમજ નાયબ કલેકટર પ્રાંત ગોધરા તરફ પણ અરજદાર દ્વારા પુરેપુરી બિનખેડુતની વિગતો સાથે હકીકતો દસ્તાવેજી પુરાવા સાથે રજુ કરેલ છે. જે બાબતની ચર્ચા કે જવાબનો ઉલ્લેખ ગોધરા પ્રાંત અધિકારી દ્વારા કરવામાં આવેલ નથી. જે સરકારશ્રીના નિયમો વિરૂદ્ધ છે. નોંધ નંબર ૧૩૦૭૬ જે આદિવાસી હોય પ્રથમ વેચાણ નોંધ ૩૦૯૦૨ તા.૩૧/૮/૧૮ ખેડુત બનેલ છે અને વધુ મુળની હકીકત જોવામાં આવે તો મોહિશભાઈ દાઉદભાઈ રાવતનાઓનું નામ વેચાણ નોંધ નંબર ૮૫ તા.૧/૮/૭૨ થી દાખલ થયેલ છે. મોહિશભાઈ દાઉદભાઈ રાવત ગુજરી જતાં વારસાઈ થી જમીલાબેન મોહિશભાઈ દિકરી વગેરેના નામ નોંધ નંબર. ૧૩૨ તા.૧૩/૨/ ૨૦૧૫ થી દાખલ થયેલ છે. જમીલાબેન મોહિશભાઈની દિકરીએ તેમની હયાતી તેમના વારસ રાવત કુતબુદ્દીનભાઈ નુરૂદિનભાઈ વિગેરેના નામો તેમની ઉંમર થવાથી હયાતીમાં દાખલ કરાવેલ છે. જે નોંધ નંબર. ૧૩૬ તા.૧૨/૩/ ૨૦૧૮ થી દાખલ થયેલ છે. આમ, કુતબુદ્દીન રાવત વડવા મુળ વેચાણ નોંધ નંબર. ૮૫ થી વેચાણ હકકે દાખલ થયેલ હોય જેની તેમના પૂર્વજો મુળના ખેડુત ન હોય ધ્યાને લઈ વેચાણ નોંધ નંબર ૭૧૧૮૨ને નામંજુર કરવા અને સામાવાળા બિનખેડુત હોય તેઓની તમામ મિલ્કતો શ્રીસરકાર ખાતે દાખલ કરવા ગણોત કેસ ચલાવવામાં આવે તેવી માંગ.

# શહેરાના નાંદરવા ગામે યુવા ક્ષત્રિય સમાજ દ્વારા ફાગવેલ ભાથીજી મંદિર ખાતે બાવનગજની ધજા ચડાવવાનું આયોજન કરાયું


તસ્વીર : તુષાર દરજી, શહેરા



> પુષ્પા ઝુકેગા કે ઝુકશે નહી એતો ખબર નહી પણ ક્ષત્રિય સમાજ ઝુકેગા નહી હવે તો અમારો સમાજ દરેક ક્ષેત્રે આગળ રહે અને રાજકારણીઓ અમારા સમાજને હેરાન કરશો નહી. નહીતો જોવા જેવું થઈ જશે અને જીસકે જીતની સંખ્યા ભારી ઈસકી ઈતની હિસ્સેદારી. જેટલો જેનો સમાજ હોય તેનુ પ્રતિનિધિત્વ હોવુ જોઈએ એજ ધોરણે અમે કહીએ છે ગુજરાતમા સૌથી વધુ બહુમતી ધરાવતો અમારો સમાજ છે. એ ચાહે મધ્ય ગુજરાત,ઉત્તર ગુજરાત હોયકે દક્ષિણ ગુજરાત કે પછી સૌરાષ્ટ્ર કે કચ્છ આખા ગુજરાતમાં ક્ષત્રિય સમાજને રાજકીય નેતૃત્વ મળવુ જોઈએ.નહીતો તેના પરિણામો ભોગવા પડશે.
> **યુવા ક્ષત્રિય સેનાના પ્રદેશ અધ્યક્ષ અભિજીત સિંહ**

શહેરા,

શહેરા તાલુકાના નાંદરવા ગામ ખાતેથી યુવા ક્ષત્રિય સમાજદ્વારા ફાગવેલ ભાથીજી મંદિર ખાતે બાવન ગજની ધજા ચડાવવા સાથે મહારેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. યુવા ક્ષત્રિય સમાજના આયોજકો અને અગ્રણીઓ દ્વારા મહારેલીને પ્રસ્થાન આપતા ભાથીજી મહારાજના જય ઘોષ વચ્ચે મોટી સંખ્યામાં વાહનો ફાગવેલ ભાથીજી મંદિર ખાતે ધજા ચઢાવવા નીકળ્યા હતા.જેમાં ક્ષત્રિય સમાજના અગ્રણીઓ અને આયોજકો એ મંદિર ખાતે પહોંચી જઈને ધજા ચઢાવી હતી. જ્યારે પૂર્વ રાજ્ય મંત્રી પ્રભાતસિંહ ચૌહાણ ૬૭% ક્ષત્રિય સમાજ રાજ્યમાં હોય તો ગાંધીનગર ખાતે અમારા સમાજનો વ્યક્તિ બેસવું જોઈએ નહીં તો આવનારી ચૂંટણીમાં બધું ખબર પડી જશે.

શહેરા તાલુકાના નાંદરવા ગામ ખાતે યુવા ક્ષત્રિય સમાજદ્વારા ફાગવેલ ભાથીજી મંદિર ખાતે બાવન ગજની ધજા ચઢાવવા સાથે મહારેલીનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ ક્ષત્રિય સમાજની મહારેલીમાં પૂર્વ રાજયકક્ષાના મંત્રી પ્રભાતસિંહ ચૌહાણ, યુવા ક્ષત્રિય સેનાના પ્રદેશ અદયક્ષ અભિજીતસિંહ તેમજ ખાતુભાઈ પગી, તખતસિંહ સોલંકી, દુષ્યંત સિંહ ચૌહાણ, અનુપસિંહ સોલંકી, વનરાજ સિંહ સોલંકી, પર્વત સિંહ ચોહાણ, નરેન્દ્ર પરમાર, રંગિત પગી સહિત અનેક આ સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહેવા સાથે શ્રીફળ વધેરીને ફાગવેલ ભાથીજી મંદિર ખાતે ચઢાવવામાં આવનાર બાવન ગજની ધજાને બ્રાહ્મણોના વૈદિક મંત્રોચ્ચાર સાથે પૂજા કરવામાં આવી હતી. જયભાથીજી મહારાજના જયજય કાર અને ક્ષત્રિય એકતા જીંદાબાદનો જયઘોષ બોલાવાની સાથે ક્ષત્રિય સમાજના અગ્રણીઓ દ્વારા મહારેલી ને પ્રસ્થાન આપ્યું હતું. મોટી સંખ્યામાં વાહનો સાથેની રેલી ફાગવેલ મંદિર ખાતે જવા નીકળી હતી. દોઢથી બે કિ.મી સુધીની વાહનોની લાંબી લાઈન હોવા સાથે યુવાનો થી લઈને વડીલો પણ રજવાડી સાફા પહેરેલ જોવા મળ્યા હતા. નાંદરવા ખાતેથી વાહનો સાથે ની આ રેલી શહેરા નગરમાં ફરીને બસ સ્ટેશન થઈને ફાગવેલ મંદિર ખાતે પહોંચી હતી. ભાથીજી મંદિર ખાતે યુવા ક્ષત્રિય સમાજના આયોજકો અને અગ્રણીઓ દ્વારા ભાથીજી મંદિર ના જય ઘોષ સાથે બાવન ગજની ધજા ચઢાવવામાં આવી હતી. મંદિરની નજીકમાં જ ક્ષત્રિય સમાજ દ્વારા સભાનું આયોજન કરવા સાથે પ્રસાદી પણ રાખવામાં આવી હતી. મહારેલીના રૂટ દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ નો પણ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. યુવા ક્ષત્રિય સમાજ સંગઠન દ્વારા રાખવામાં આવેલ મહારેલીમા મોટી સંખ્યામાં ક્ષત્રિય સમાજના લોકો જોડાતા રેલીને સફળતા મળી હતી.

> ક્ષત્રિય સમાજના અગ્રણીઓ દ્વારા એક જ હુકાર કરવામાં આવી રહયો છે કે, ક્ષત્રિય સમાજ આગળ આવો જોઈએ અને આ વખતની વિધાનસભાની ચૂંટણીમાં ક્ષત્રિય સમાજના ઉમેદવારને ટિકીટ મળવી જોઈએ.

> આ મહારેલી ક્ષત્રિય સમાજની વિધાનસભાની ચૂંટણી પહેલા શક્તિપ્રદર્શન છે. ક્ષત્રિય સમાજ રાજ્યમાં ૬૭ ટકા હોય તો મારો સમાજ નો વ્યક્તિ ગાંધીનગર ખાતે હોવો જોઈએ નહીતો આવનારી વિધાનસભાની ચૂંટણીમાં ક્ષત્રિય સમાજ ખબર પાડી દેશે વધુમાં તેમણે દારૂ વગર ચૂંટણી લડાતી નથી.
> **: પ્રભાતસિંહ ચૌહાણ ક્ષત્રિય સમાજ અગ્રણી અને પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી :**

> જ્યારે જે તે સમયના ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ ના નિકટના ગણાતા એવા ખાતુભાઈ પગી એ ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડને અમદાવાદ જતા રહેજો આ વખતે બિહાર જેવો માહોલ અહીં થવાનો છે. આ ક્ષત્રિય મહારેલી યોજાઈ નહીં તે માટે તેને બહુ પ્રયાસો કર્યા હતા. આ વખતે મારા સમાજ નો વ્યક્તિ ચૂંટણી લડશે.